# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-10-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી : એકતાનગર

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને એક થઈને રાષ્ટ્રની પ્રગતિ માટે પોતાને સમર્પિત કરવા અપીલ કરી છે. સરદાર વલ્લભભાઈ પટેલની 150-મી જયંતી નિમિત્તે એકતાનગર ખાતે યોજાયેલા રાષ્ટ્રીય એકતા દિવસ સમારોહમાં વિશાળ જનસમૂહને સંબોધતાં શ્રી મોદીએ કહ્યું કે, દેશની આઝાદી બાદ સરદાર પટેલે 550થી વધુ રજવાડાઓને એક કરીને "એક ભારત – શ્રેષ્ઠ ભારત"ના દ્રષ્ટિકોણને સાકાર કરવાનું અશક્ય કામ પણ કરી બતાવ્યું હતું.**

**પ્રધાનમંત્રીએ કરોડો લોકો દ્વારા લેવામાં આવેલા એકતાના શપથમાં રાષ્ટ્રવ્યાપી ભાગીદારી પર પ્રકાશ પાડ્યો હતો અને રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવાના સામૂહિક સંકલ્પ લઇને રન ફોર યુનિટી દેશભરમાં યોજાઇ રહી હોવાનું તેમણે કહ્યું હતું.**

**(BYTE: PM NARENDRA MODI)**

**દેશની ભાષાઓને એકતાનું પ્રતીક ગણાવતા શ્રી મોદીએ તમામ ભારતીય ભાષાના પ્રચાર અને સંરક્ષણ માટે સરકારની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો.**

**-------------------------------------------------------------------------------**

## રાષ્ટ્રીય એકતા દિવસ

**લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150-મી જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે રાજ્યભરમાં આજે એકતા દોડનું આયોજન કરાયું હતું.**

ભુજમાં યોજાયેલી એકતા દોડનું ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગાએ પ્રસ્થાન કરાવ્યું હતું. આર. ડી. વરસાણી હાઈસ્કૂલથી જ્યુબિલી સર્કલ, જયનગર થઈ આ દોડ આર. ડી. વરસાણી ખાતે પૂર્ણ થઈ હતી.

આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી છાંગાએ આધુનિક ભારતના નિર્માણમાં સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનને યાદ કરીને તેમના જીવનમાંથી પ્રેરણા લેવા અનુરોધ કર્યો હતો.

જીલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ, પદાધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ જવાનો, વિદ્યાર્થીઓ અને નાગરિકો આ એકતા દોડમાં જોડાયા હતા.

વિવિધ તાલુકાઓમાં આવેલા પોલીસ મથકો દ્વારા પણ કોમી એકતા, શાંતિ અને સુરક્ષાનો સંદેશ આપવાના હેતુથી 'રન ફોર યુનિટી' નું આયોજન કરાયું હતું.

કેન્દ્રીય સંચાર બ્યુરો, ભુજ દ્વારા એરફોર્સ સ્ટેશન, ભુજ ખાતેની પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરાઈ હતી. આ નિમિત્તે એકતા દિવસના શપથ લેવામાં આવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ માટે સૂત્ર લેખન, પોસ્ટર મેકિંગ, વકતૃત્વ, સહિતની સ્પર્ધાઓ પણ યોજાઈ હતી તેમ કેન્દ્રીય સંચાર બ્યુરોના કમલ મહેશ્વરીએ જણાવ્યું હતું.

-----------------------------------------------------------------------------------------

## ભારતીય સૈન્ય : સંયુક્ત શક્તિ સેમિનાર

ભારતીય સૈન્યની સધર્ન કમાન્ડે ભુજ ખાતે ત્રિદિવસીય સંયુક્ત શક્તિ - સધર્ન સ્ટાર મિલિટરી સિવિલ ફ્યુઝન સેમિનારનું આયોજન કર્યું હતું. વિકસિત ભારત ૨૦૪૭ તરફની સફરમાં રાષ્ટ્રીય સુરક્ષા એક સામૂહિક પ્રયાસ છે ત્યારે આ સેમિનારમાં લશ્કર અને નાગરિકો વચ્ચેના તાલમેલની ભાવનાને મૂર્તિમંત કરવામાં આવી હતી.

ત્રણ દિવસ દરમ્યાન સરહદી વિસ્તાર વિકાસ અને સુરક્ષા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સૈન્યના વરિષ્ઠ અધિકારીઓ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના પ્રતિનિધિઓ, કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ, અગ્રણી શિક્ષણવિદો અને ઉદ્યોગ નિષ્ણાતો દ્વારા માળખાગત વિકાસ, આપત્તિ પ્રતિભાવ અને સુરક્ષા તૈયારીમાં સંકલન વધારવા પર ભાર મુકવામાં આવ્યો

હતો. સરહદી સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવાની સાથે સાથે સરહદી સમુદાયોમાં જીવનની ગુણવત્તામાં સુધારો કરવાના હેતુથી આ સેમિનારમાં ટેકનોલોજી, લોજિસ્ટિક્સ અને દ્વિ-ઉપયોગ માળખાને એકીકૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ભારતીય સૈન્યનું સધર્ન કમાન્ડ એક મહત્વપૂર્ણ સંસ્થાન છે જેનો કાર્યક્ષેત્ર અગિયાર રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલો છે. લશ્કરી-નાગરિક સુમેળના વિઝનને સાકાર કરવા માટે સધર્ન કમાન્ડ વિસ્તારમાં નવ પ્રાદેશિક લશ્કરી નાગરિક ફ્યુઝન નોડ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ નેટવર્ક સરહદી વિસ્તાર વિકાસ, માળખાગત સ્થિતિસ્થાપકતા અને સમુદાય સશક્તિકરણ પરના સહયોગને સક્ષમ બનાવે છે.

---------------------------------------------------------------------------------

## આવતીકાલથી અનાજનું વિતરણ

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો - **NFSA** અને અંત્યોદય રાશન કાર્ડ લાભાર્થીઓને આવતીકાલથી અનાજનું વિતરણ શરૂ કરાશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ, નવેમ્બર મહિના માટે આગોતરા આયોજનનાં ભાગરૂપે **75** લાખથી વધુ કુટુંબો માટે **3** કરોડ **25** લાખ જેટલા લાભાર્થીઓને આવશ્યક ચીજવસ્તુઓની ફાળવણી કરવામાં આવી છે. જે અંતર્ગત ઘઉં તથા ચોખાનું વિનામુલ્યે વિતરણ તથા તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાનું વાજબી ભાવે વિતરણ કરાશે.

---------------------------------------------------------------------------------

## ગાંધીધામ મહાનગરપાલિકા

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા આજે કલેકટર રોડ પરના કાચા પાકા મળી અંદાજે ૧૦૪ જેટલા ગેરકાયદેસર દબાણો દુર કરવામાં આવ્યા છે. આ દબાણો દુર થવાથી લોકોને આવવા જવામાં સરળતા રહેશે અને ટ્રાફિકનો પ્રશ્ન હલ થશે તેમ મહાનગરપાલિકાની એક અખબાર યાદી માં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------

# ક્રિકેટ

**ઓસ્ટ્રેલિયાએ ભારતને બીજી ટી 20 મેચમાં 4 વિકેટે હરાવી પાંચ મેચોની શ્રેણીનો વિજયી પ્રારંભ કર્યો છે. મેલબોર્ન ખાતેની મેચમાં ભારતની ટીમનો દાવ 125 રનમાં પૂરો થયો હતો અભિષેક શર્માએ 68 અને હર્ષિત રાણા એ 35 રન કર્યા હતા. જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમે 6 વિકેટ ગુમાવીને 126 રન કરી મેચ જીતી લીધી હતી.**

---